આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:-૨૮-૦૯-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## ગુજરાત પોલીસ ભરતી

રાજ્ય સરકારે વર્ષ **2025**માં રાજ્યના પોલીસ દળ વર્ગ – **3**ની વિવિધ શ્રેણીઓમાં કુલ **14** હજાર, **820** જગ્યાઓ પર ભર્તી કરવાની જાહેરાત કરી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ વિશે માહિતી આપતા જણાવ્યું કે જે જગ્યાઓ પર ભરતી કરવાનું આયોજન છે, તેમાં હથિયારી **PSI**, બિન હથિયારધારી પીએસઆઈ, વાયરલેસ **PSI**, ટેક્નિકલ ઑપરેટર, હેડ કોન્સ્ટેબલ, ડ્રાઇવરમોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઇઝર,જેલ પુરુષ અને મહિલા સિપાઈ સહિતની વિવિધ જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પોલીસ ખાતાની કચેરીઓની સીનીયર ક્લાર્કની ૪૫ તથા જુનીયર ક્લાર્કની ૨૦૦ જગ્યાઓ મળી કુલ-૨૪૫ જગ્યાઓ પર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સીધી ભરતી હાથ ધરવામાં આવશે.

**(RNU અમદાવાદ/કલ્પના શાહ)**

----------------------------------------------------------------------

## પેટ્રોલીયમ અને ગેસ સમિતિના કચ્છના સાંસદને સભ્ય બનાવાયા

18મી લોકસભામાં કેન્દ્ર સરકારે 24 સંસદીય સમિતિઓની રચના કરી છે. જેમાં પેટ્રોલીયમ અને નેચરલ ગેસ સમિતિમાં કચ્છના સાંસદ વિનોદ ચાવડાને સમિતિ સભ્ય બનાવાયા છે. આ અંગે પ્રતિભાવ આપતા સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે, પેટ્રોલીયમ અને નેચરલ ગેસ સમિતિમાં નિર્ધારિત નીતિઓ, માર્ગદર્શી સિધ્ધાંતો અનુસાર સલાહ સુચન અમલીકરણ માટેની સમિતિમાં સહભાગી થવાથી તક સાંપડી છે તે કાર્ય કરવાના સંકલ્પને પ્રોત્સાહન સ્વરૂપ છે.

**(NP/કલ્પના શાહ)**

----------------------------------------------------------------------

## પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા નવરાત્રિ અંગે સુચનો

પશ્ચિમ કચ્છ પોલીસ તંત્ર દ્વારા નવરાત્રીને ધ્યાને લઈ  કોઈ અનઈચ્છીનય ઘટના ન બને તે માટે નવરાત્રી આયોજકોને તાકીદ કરાઈ છે. જે મુજબ પાર્ટી પ્લોટ અને ગરબા ગ્રાઉન્ડમાં પાર્કિંગની આસપાસ લાઈટની ફરજીયાત વ્યવસ્થા, ગરબા ગ્રાઉન્ડ પર જનાર રસ્તાઓ, પાર્કિંગ,મંડપ સહિતના સ્થળોએ સી.સી.ટી.વી કેમેરા ફરજીયાતપણે લગાડવા તાકીદ કરાઈ છે. આ ઉપરાંત નાના નવરાત્રી આયોજનો માટે પણ વિવિધ સુચનો કરાયા છે. ગરબા સ્થળો  ઉપર મહિલા પોલીસની ટીમો સાદા ડ્રેસમાં હાજર રહેશે. તો એન્ટી રોમિયો સ્કવોડ પણ સક્રિય રહેશે તેવુ જણાવાયુ છે. આ ઉપરાંત કોર્મશિયલ પ્રકારની નવરાત્રી રાત્રીના 12 વાગ્યા સુધી જ ચાલુ રાખી શકાશે. જેમાં એન્ટ્રી પોઈન્ટ પર મેટલ ડિટેક્ટર, વિડીયોગ્રાફી સહિતના સલામતી અંગેના પગલા લેવા સુચનો કરાયા છે.

**(NP/ કલ્પના શાહ)**

---

## 19માં યુવક મહોત્સવનું સમાપન

કચ્છની યુવા પ્રતિભાઓ કે જેમાં અપાર શક્તિ ધરબાયેલી પડી છે. તેમની આ શક્તિઓ રાષ્ટ્રીય કક્ષાએ પહોંચે તેવી કચ્છ યુનિ.ની નેમ છે, તેવું યુનિ. દ્વારા આયોજિત 19મા યુવક મહોત્સવના `સ્પંદન'ની સમાપન વેળાએ જણાવાયું હતું. યુવક મહોત્સવની બે દિવસ ચાલેલી 29 જેટલી સ્પર્ધામાં 1,180 વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. આ યુવા મહોત્સવમાં ભુજની મુક્ત જીવન સ્વામીબાપા મહિલા કોલેજ ચેમ્પિયન બની હતી, જયારે ભુજની સંસ્કાર ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ બીજે તો યુનિર્સિટીના સી-બ્લોકને ત્રીજા નંબરની ટ્રોફી એનાયત કરાઈ હતી.

**(NP/કલ્પના શાહ)**

---

## માતાના મઢ તરફ પદયાત્રિકોનું ઘોડાપુર,સેવા કેમ્પો

દેશદેવી માં આશાપુરાના સ્થાનક માતાના મઢે રાજ્ય તથા અન્ય રાજ્યોમાંથી માઈભક્તો શ્રદ્ધાપૂર્વક દર્શન કરવા આવતા હોય છે. ત્યારે જિલ્લાના પ્રવેશદ્વાર સમાન સૂરજબારી પછી વિવિધ સેવા કેમ્પોની હારમાળા સર્જાઇ છે. પદયાત્રિકોના પ્રવાહથી ધોરીમાર્ગો ચેતનવંતા બન્યા છે. ધોરીમાર્ગ પાસે આવેલા ગામડાંઓની દુકાનોમાં યાત્રિકોના કારણે ભીડ જામી રહી છે. ધોરીમાર્ગ ઉપર જય માતાજીના નારા ગુંજી રહ્યા છે. દર વર્ષની માફક સાઈકલથી આવતા યાત્રાળુઓની તેમજ પદયાત્રીઓની સેવા માટે માતાના મઢ સુધી કેમ્પો સજ્જ થઈ રહ્યા છે.જેમાં પ્રસાદ, ચા-નાસ્તો,ભોજન તબીબી સેવા સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવે છે.

આસો નવરાત્રિ પર્વને લઇને મા આશાપુરાના દર્શન માટે પદયાત્રીઓનો પ્રવાહ માતાના મઢ ભણી આગળ ધપી રહ્યો છે, ત્યારે માતાનામઢ મંદિર સંકુલમાં મોબાઈલ, કેમેરા, શ્રીફળ લઇ જવા પર પાબંદી લગાવાઇ છે. નિવાસી અધિક કલેક્ટરે ટ્રાફિક નિયમન સાથે 5 જાહેરનામા બહાર પાડ્યા છે.

(NP/કલ્પના શાહ)

---

## શ્રધ્ધાંજલિ-શહીદ ભગતસિંહ,લતા મંગેશકર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે આજે સ્વાતંત્ર્ય સેનાની ભગતસિંહને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી મોદીએ ભગતસિંહને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે તેઓ એક અમર સ્વાતંત્ર્ય સેનાની છે જેમણે માતૃભૂમિના સન્માનની રક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું.

PNVBHUJ

દેશ આજે સુપ્રસિદ્ધ ગાયિકા લતા મંગેશકરને તેમની **95**મી જન્મજયંતિ પર સ્મરણાંજલિ અર્પી રહ્યો છે. **28**મી સપ્ટેમ્બર **1929**ના દિવસે જન્મેલા લતા મંગેશકરે **70** વર્ષથી વધુની નોંધપાત્ર કારકિર્દી દરમિયાન બહુવિધ ભાષાઓમાં **25,000** થી વધુ ગીતો ગાયા હતા. ભારત રત્ન પુરસ્કાર મેળવનાર ગાયિકા લતા મંગેશકરનું **6** ફેબ્રુઆરી **2022**ના રોજ મુંબઈમા અવસાન થયું હતું.

**(RNU અમદાવાદ/કલ્પના શાહ)**

------------------------------------------------------------------------

RNU BHUJ